GJJN080012512025

**<u>આંક–૧ લગત વધુ હુકમ</u>**

સાંભળ્યા, અરજી તથા રેકર્ડ વંચાણે લીધા.

(૧)....અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મઘરવાડા ગામની "સાબલી સિંચાઇ યોજના" અંતર્ગત એલ.એ.ક્યુ. નંબર–૦૮/૨૦૦૮ થી જમીન સંપાદન કરવામાં આવેલી. જે જમીનમાં સામાવાળા નં.૧–૨ દ્વારા યોજના બનાવવામાં આવેલી. વધુમાં આ કામના અરજદારોની મિલકતો ડુબમાં જતા તે અંગે વધુ વળતર મેળવવા માટેના લેન્ડ રેફરન્સ કેસ નં.૩૧૦/૨૦૧૨ દાખલ કરવામાં આવેલ જે મે. પ્રિન્સિપાલ સનિયર સિવિલ જજશ્રી, કેશોદની કોર્ટ સમક્ષ ચાલી જતા તા.૦૭/૦૨/૨૦૨૩ ના રોજ જજમેન્ટ તથા એવોર્ડ આપેલ છે. ત્યારબાદ સામાવાળા દ્વારા જજમેન્ટ મુજબ વધારે વળતરની રકમ નામદાર કોર્ટમાં નાઝીરશ્રીના હેડ હેઠળ જમા કરાવી આપેલ છે. સદર જમા થયેલ રકમનો અરજદારને ચૂકાદો કરવા માટે હાલની અરજી દાખલ કરવા જરૂરીયાત ઉત્પન્ન થયેલ છે. જેથી હાલની અરજી કરી દાદ માંગેલ છે કે, તેમની આ અરજી રજીસ્ટરે લઇ અરજદારને લે.રે.કેસ નં.૩૧૦/૨૦૧૨ ના કામે થયેલ એવોર્ડ મુજબની જમા થયેલ વળતરની રકમનો ચુકાદો કરવા હુકમ કરવા તથા તેમના

નામનો એકાઉન્ટ પે ચેક કાઢી આપવા નાઝીરશ્રીને હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨)....અરજદારની હાલની પુરસીસ રજૂ થતા આ કામના સામાવાળાઓને નોટિસ કરતા તથા રકમ બાબતે નાઝરશ્રીનો શેરો વંચાણે લેતા, આ કામે નાઝરશ્રીએ સિવિલ રજી. સી.નં.૧, તા.૯/૦૪/૨૦૨૫ થી રકમ રૂા.૩૦,૦૭,૫૭૯/- (રકમ રૂપિયા ત્રીસ લાખ સાત હજાર પાંસચો ઓગણા એંસી પુરા) ગોવિંદ દેવાયત નામથી એફ.ડી. જમા પડ્યા છે. જે મુજબનો શેરો મારેલ છે. જે ધ્યાને લેતા હાલના અરજદારને ચુકવી આપવા સામાવાળાઓએ એવોર્ડની રકમ જમા કરાવેલ હોવાનું માનવાને રહે છે.

(૩)....સદર કામે સામાવાળાઓને નોટિસ કરતા જે નોટિસ સામાવાળાઓને બજી જતા, સામાવાળાઓ તરફે એમ.જે. વઘાસીયા, નાયબ કાર્યપાલક ઇજનેર, સરદાર પટેલ સહભાગી સિંચાઇ પેટા વિભાગ ન.૨૯, કેશોદનાઓ હાજર થયેલ છે અને સામાવાળાઓ તરફે અરજદારની હાલની અરજી સામે આંક-૭ થી તેમનો જવાબ રજૂ કરી જણાવેલ છે કે, ઉપરોક્ત કામની અંદર અત્રેની નામદાર કોર્ટના તા.૦૭/૦૨/૨૦૨૩ના ચુકાદા મુજબ સામાવાળાઓએ અત્રેની નામદાર કોર્ટમાં વાંધા સાથે વળતર જમા કરાવેલ છે. અત્રેની નામદાર કોર્ટના ચુકાદા સામે ગુજરાત સરકારશ્રીના નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: N W R W S K D / ૦૪૪૬ / ૦૨ / ૨ ૦ ૨ ૫, તા: ૦૭ /૦૨ / ૨૦૨૫ તેમજ કાયદા વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: LD/ KAF / e-file/12/2024/6688/K section

તા.૦૩/૦૨/૨૦૨૫ ના પત્રથી નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવા અંગે સરકારશ્રી દ્વારા નિર્ણય કરેલ છે. જેની નકલ તેમના જવાબ સાથે સામેલ રાખેલ છે. જે ચુકાદા સામે સામાવાળા તરફે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અપીલ દાખલ થવા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, સરદાર પટેલ સહભાગી સિંચાઇ પેટા વિભાગ ન.૨૯, કેશોદની કચેરીના પત્રન.પીબી–બી/સાબલી–કેનાલ/૩૧૦/૧૨/અપીલ/૧૦૦ તા: ૨૧/૦૨/૨૦૨૫ થી હાઇકોર્ટ ખાતે ફાઇલ જમા કરાવવામા આવેલ છે. આ કેસમાં તા:૧૨/૦૮/૨૦૨૫ ના રોજ એફીડેવીટ ફાઇલ કરવામાં આવેલ છે. જેની નકલ પણ તેઓ સામેલ રાખેલ છે. જે હાલ બોર્ડ પર આવેલ નથી. તથા ગુજરાત સરકારશ્રી ન.જ.સ.પા.પુ. અને ક.વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: NWRWSKD/1676/02/2025 તા.૦૫/૦૩/૨૦૨૫ની શરતોને આધીન નામ.ગુજરાત હાઇકોર્ટ તરફથી આખરી હુકમ આવ્યે અને સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ સદર રકમ અરજદારોને ચુકવવામાં આવી અરજ ગુજારેલ છે અને જેની નકલ  પણ સાથે સામેલ રાખેલ છે. વધુમાં રજૂઆત કરેલ છે કે, અત્રેની નામદાર કોર્ટને રજુઆત કરવાની કે, સદરહુ મુળ લે.રે.કે.ન.૩૧૦/૨૦૧૨ ના કામે અત્રેની નામદાર કોર્ટના એવોર્ડ મુજબ તેઓએ (સરકારશ્રી) એ નામદાર અદાલતમાં વળતર મુજબની રકમ જમા કરાવેલ છે, તે એવોર્ડ મુજબ અરજદારોને ચુકવવામા આવે તો તેઓ (સરકારશ્રી) ને ઉકત વાંધો હોવાની અરજ રજૂઆત કરેલ છે.

**(૩.૧)....**જ્યારે સામાવાળાશ્રી સરકાર તરફે આંક–૯ થી  એડી.પી.પી.શ્રીનો એપીયરન્સ મેમો રજૂ થયેલ છે.

(૪)....ત્યારબાદ સદર કામે અરજદાર તરફે આંક–૧૧ થી નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની ફર્સ્ટ અપીલ નં.૪૩૨૧/૨૦૨૫ ના જજમેન્ટન્ટની નકલ રજૂ થયેલ છે અને વધુમાં રજૂઆત કરેલ છે, હાલના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની R/FIRST APPEAL NO.4321 OF 2025 With CIVIL APPLICATION (FOR STAY) NO.1 OF 2025 IN R/FIRST APPEAL NO.4321 OF 2025 ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ હુકમ કરવામાં આવેલ હોય જે ધ્યાને લઈ, હાલના કામે યોગ્ય હુકમ કરવા રજૂઆત કરેલ છે.

(૫)....આમ, સદર કામે અરજદાર તરફે રજૂ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની R/FIRST APPEAL NO.4321 OF 2025 With CIVIL APPLICATION (FOR STAY) NO.1 OF 2025 IN R/FIRST APPEAL NO.4321 OF 2025 ના કામે થયેલ હુકમ ધ્યાને લેતા, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અત્રેની રેફરન્સ કોર્ટ દ્વારા એલ.એ.ક્યુ. નંબર ૦૮/૨૦૦૮ ના કામે આપવામાં આવેલ ચુકાદા અને વળતરના એવોર્ડમાં હસ્તક્ષેપ કરવા જેવું કોઈ કાનૂની કે હકીકતી કારણ જણાતું ન હોવાનું જણાવી રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી પ્રથમ અપીલ નામંજૂર કરવામાં આવેલ અને અત્રેની કોર્ટનો ચુકાદો યથાવત્ રાખી રાજ્ય સરકાર દ્વારા જમા કરાવેલ વળતરની રકમ કોર્ટ ફી કપાત કર્યા બાદ, દાવેદારોની ઓળખ અને હકની ચકાસણી કરીને વ્યાજ સહિત ચૂકવી આપવાનો આદેશ કરવામાં આવે છે. જે હુકમ તેમજ આ કામે નાઝીરશ્રીના શેરા મુજબ લે.રે.કેસ નં.૩૧૦/૨૦૧૨ ના કામે જમા થયેલ રકમ

રૂા.૩૦,૦૭,૫૭૯/– (રકમ રૂપિયા ત્રીજ લાખ સાત હજાર પાંસચો ઓગણા એંસી પુરા) મેળવવા હકકદાર બનતા હોવાનું જણાય આવતું હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**આ ખ રી હુ ક મ**

**(૧)....**આથી અરજદારની હાલની અરજી " **મંજુર** " કરવામાં આવે છે.

**(૨)....**આથી એવો હુકમ કરવામાં આવે છે કે, નાઝરશ્રી, પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ કેશોદનાઓએ એલ.એ.ક્યુ. નંબર નં.૦૮/૨૦૦૮ ના કલેમેન્ટસ ગોવિંદભાઇ દેવાયતભાઇ હુંબલ નામેથી કુલ રકમ રૂા.૩૦,૦૭,૫૭૯/– (રકમ રૂપિયા ત્રીસ લાખ સાત હજાર પાંસચો ઓગણા એંસી પુરા) સિવિલ રજી. સી. નં. ૧, તા. ૯/૦૪/૨૦૨૫ થી જમા કરાવેલ છે જે ફીક્સ ડીપોઝીટમાં મુકવામાં આવેલ હોય તો તે એફ. ડી. તોડી અને જમા થતી વ્યાજ સહીતની રકમ એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવવા તથા નાઝીરશ્રીએ નીચે જણાવેલ બાબતોનું વેરીફીકેશન કરી ઉપરોક્ત અરજી મુજબના અરજદારને નિયમોનુસાર રકમનું ચુકવણું કરવું.

**(૧)** નાઝીરશ્રીએ ઉપર જણાવેલ રકમનું ચૂકવણુ એકાઉન્ટ પેઈ ચેક મારફતે તે વખતે રકમ મેળવવા હાજર વ્યકિત (કલેમેન્ટ) ની યોગ્ય ઓળખ મેળવી કરવું.

**(૨)** મંજૂર થયેલ રકમનું ચૂકવણુ મેળવવા આવનાર વ્યકિતએ (કલેમેન્ટ) એ પોતાની અંગત ઓળખ માટે થઈને ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ અને/અથવા/અથવા રેશન કાર્ડ/અથવા

ડ્રાઈવિંગ લાઈસન્સ વિગેરે પણ પોતાની ઓળખ દર્શાવવા રજૂ કરવા.

(૩) પોતાની ઓળખ બતાવવા મંજૂર થયેલ રકમનું ચૂકવણુ મેળવવા આવનાર વ્યકિતએ (કલેમેન્ટે) પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ પોતાની ઓળખ બાબતે રજૂ કરવો.

(૪) વિશેષમાં એવો હુકમ કરવામાં આવે છે કે, મંજૂર થયેલ કલેમેન્ટનું વળતરનું ચૂકવણુ ભવિષ્યમાં કોઈ તકરાર ઉભી થયે કલેમેન્ટે કોર્ટમાં તે જમા કરવા હુકમ થયે તાત્કાલિક જમા કરાવવુ, તે શરતે મંજૂર કરવામાં આવે છે અને તે સબબ ચૂકવણુ લેવા આવનાર વ્યકિતએ ( કલેમેન્ટે) કોર્ટમાં બોન્ડ રજૂ કરવું.

હુકમ આજ તારીખ ત્રીજી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૦૩–૦૮–૨૦૨૬
સ્થળ– કેશોદ
સ્ટેનો શ્રી :–એ.ડી.મેધનાથી

**(તરૂણ મોહનદાસ શ્રીમાળી)**
એડિશ્નલ સિનિયર સિવિલ જજ
(કોડ જી.જે.૦૧૩૦૬)